# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-12-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજકોટ મહાનગરપાલિકાના 793 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું
2. રાજ્યભરમાં રાજય વેરા નિરીક્ષકની પરીક્ષા આગામી 22 ડિસેમ્બરે યોજાશે.
3. કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું છે કે, મગફળીની ટેકાના ભાવે ખરીદી ઝડપી થાય તે માટે રાજય સરકારે પૂરતી વ્યવસ્થા કરી છે.
4. આંધ્રપ્રદેશથી આવેલો લાલ ચંદનનો જથ્થો પાટણ નજીક આવેલા હાજીપુરા ગામના ગોડાઉનમાંથી ઝડપી પાડ્યો.
5. મહેસાણાના થોળ પક્ષી અભયારણ્ય ખાતે 60 હજાર કરતાં વધુ વિદેશી પક્ષીઓનું આગમન થયું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Development works Chief Minister Rajkot

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજકોટ મહાનગરપાલિકાના 793 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યંમત્રીએ કહ્યું હતું કે, આગામી 2047 સુધીમાં રાજયની 70 ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરતી હશે. શહેરોનો વિકાસ અને સુખાકારીને ધ્યાનમાં રાખીને આપણે વિકસિત 2047 માટે આયોજન કર્યું છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગુજરાત 14 લાખ આવાસોના નિર્માણ સાથે દેશમાં પ્રથમ સ્થાને છે.

(બાઇટ-મુખ્યમંત્રી)

રાજકોટ શહેરમાં મુખ્યમંત્રી દ્વારા કરાયેલા વિકાસકામોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ અંગે સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ)

મુખ્યમંત્રીએ 569 કરોડના કામોનું લોકાર્પણ અને 224 કરોડના વિકસ કામોનું ખાતમૂહુર્ત કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ રૈયામાં નિર્માણ થયેલા અટલ સ્માર્ટ સિટી સંકુલ ખુલ્લું મૂક્યું હતું. નવી સીએનજી શહેરી બસોનું લોકાર્પણ કર્યું હતું. રોડ, પાણી પુરવઠા, ગટરલાઇન, સ્ટોર્મ વોટર સિસ્ટમ, સ્માર્ટ સ્ટ્રીટ લાઇટ, સાયકલ ટ્રેકનું પણ ઉદઘાટન કર્યું હતું.

રાજકોટમાં મુખ્યમંત્રી વિશ્વકક્ષાની આંતરરાષ્ટ્રીય સુવિધાઓથી સજ્જ અને 150 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર હોસ્પીટલનો શિલાન્યાસ કર્યો હતો. શ્રી પટેલે 36 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર રાજકોટ જીલ્લા પંચાયતના નવા ભવનનું ખાતમૂહૂર્ત કર્યું હતું. રાજકોટ જીલ્લાના જશવંતપુર ગામે 10 એકરમાં તૈયાર થનાર ઉમિયાધામ મંદિરનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું. અજય ઇન્દ્રેકર, સમાચાર વિભાગ, અમદાવાદ

## HARIYANA SPEAKER

હરિયાણા વિધાનસભા અધ્યક્ષ હરવિંદર કલ્યાણે આજે રાજય વિધાનસભાની મુલાકાત લીધી હતી. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ

વિધાનસભાની કામગીરી તથા તેના નિયમો ઉપરાંત ધારાસભ્યોને અપાતી વ્યવસ્થા-સુવિધા અંગે હરવિંદર કલ્યાણને માહીતી આપી હતી.

આ મુલાકાત દરમિયાન અધ્યક્ષે વિધાનસભા ગૃહમાં મંત્રીઓ અને ધારાસભ્યોની બેઠક વ્યવસ્થા, પ્રેસ ગેલેરી, વીવીઆઇપી ગેલેરી તેમજ સામાન્ય નાગરિકો ગૃહની કામગીરી નિહાળી શકે તે માટેની વિવિધ બેઠક વ્યવસ્થા સહિત સમગ્ર કામગીરી અંગે તેમને માહિતગાર કર્યા હતા. હરિયાણા વિધાનસભાના અધ્યક્ષે ગુજરાત વિધાનસભાના NeVA સેવા કેન્દ્રની મુલાકાત લીધી હતી. જેમાં તેમણે રાજય વિધાનસભામાં ચાલતી પેપરલેસ કામગીરીની ઝીણવટભરી માહિતી મેળવી હતી.

## STATE TAX INSPECTOR EXAME

રાજયભરમાં આગામી 22 ડિસેમ્બરે રાજય વેરા નિરીક્ષકની પરીક્ષા યોજાશે. ગૂજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું છે કે રાજ્યના 754 કેન્દ્રો પર 1 લાખ 85 હજાર ઉમેદવારો આ પરીક્ષા આપશે. આ વખતે પ્રથમ વખત પરીક્ષાની સલામતી માટે પહેલીવાર બાજુના જિલ્લામાં પરીક્ષા કેન્દ્ર આપવામાં આવ્યા છે. રાજ્યમાં માત્ર 10 પરીક્ષા કેન્દ્રો તાલુકા મથકે રખાયા છે . દિવ્યાંગ ઉમેદવારો માટે તેમના જિલ્લામાં જ પરીક્ષાની વ્યવસ્થા કરાઈ છે. ગેરરીતિને રોકવા ઉત્તરવહીમાં સહીની સાથે અંગૂઠાનું નિશાન લેવામાં આવશે. એસટી વિભાગને પરિક્ષાના દીવસે વધુ બસો ફાળવવાની સૂચના આપવામાં આવી છે.

## Peanut purchase - Raghavji Patel

કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું છે કે, સમગ્ર રાજયમાં 162 જેટલા કેન્દ્રો પર મગફળીના ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે.

પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પટેલે વધુમાં કહ્યું હતું કે, મગફળીની ખરીદી ઝડપી થાય તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

(બાઇટ-રાઘવજી પટેલ, કૃષિમંત્રી)

## MANSUKH MANDAVIYA-BHAVNAGAR

ભાવનગર શહેરના લોકોની સુખાકારી માટે ૧૪૯ કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરાશે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા અને રાજ્યના મંત્રી નિમુબેન બાંભણીયા આગામી 15 ડિસેમ્બરે ૧૧ જેટલા વિવિધ વિકાસ કામો ભાવનગર શહેરને ભેટ આપશે. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીઓની સાથે ધારાસભ્ય, ડેપ્યુટી મેયર સહિત અનેક અધિકારીઓ તેમજ ભાવનગરના શહેરીજનો ઉપસ્થિત રહેશે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

## KAAR-T CELL THERAPY-VADODARA

રાજ્યમાં સૌ પ્રથમ વખત કેન્સરના દર્દીઓને કાર – ટી સેલ થેરાપી મળી શકશે. વડોદરાના મૂની સેવાશ્રમમાં કાર્યરત કૈલાસ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરમાં કેન્સરથી પીડાતા દર્દીઓની નજીવા દરે સારવાર કરવામાં આવે છે ત્યારે હવે અહી 12 કરોડના ખર્ચે ગુજરાતની પ્રથમ કાર – ટી લેબોરેટરી આગામી 18 ડિસેમ્બરથી બનવા જઇ રહી છે. અહી અન્ય હોસ્પિટલો કરતાં અડધા ખર્ચથી કેન્સરગ્રસ્ત દર્દીની આ થેરાપીથી સારવાર કરવામાં આવશે.

આ સારવારમાં દર્દીના શરીરમાં બચી ગયેલા કેન્સરના કોષોને કાર – ટી થેરાપીથી જીનેટકલી રિપ્રોગ્રામિંગ કરી કેન્સરના કોષ સામે લડવા સક્ષમ બનાવવામાં આવે છે અને ફરીથી દર્દીના શરીરમાં દાખલ કરવામાં આવે છે.

## Red sandalwood

પાટણ નજીક આવેલા હાજીપુરા ગામમાં આવેલા એક ગોડાઉનમાંથી લાલ ચંદનનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ જથ્થો આંધ્રપ્રદેશથી લાવવામાં આવ્યો હતો. આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ...

(વોઇસ કાસ્ટ- રમેશ સોલંકી-પીટીસી પાટણ)

## Kanu Desai Development Works

નાણાંમંત્રી કનુ દેસાઇએ આજે વલસાડ જીલ્લાના કપરાડા ખાતે દક્ષિણ ગુજરાત વીજ કંપનીના 15 કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામેલ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ કર્યું હતું.

આ પેટા કચેરીથી કપરાડા તાલુકાના 43 અને ધરમપુર તાલુકાના 49 અંતરિયાળ ગામોના લોકોને વીજલક્ષી સેવાઓ મળશે.

આ પ્રસંગે કનુભાઇ દેસાએ કહ્યું હતું કે, રાજય સરકાર અંતરિયાળ ગામો સુધી પહોંચીને લોકોની સુખાકારીમાં વધારો કરી રહી છે.

(બાઇટ-કનુ દેસાઇ)

## Bird centurion

મહેસાણા ના થોળ પક્ષી અભયારણ્ય ખાતે મોટી સંખ્યામાં વિદેશી પક્ષીઓનું આગમન થયું છે જે માર્ચ મહિના સુધી ગુજરાતમાં રોકાણ કરશે. પક્ષી અભ્યારણ્ય તરીકે જાણીતા કડીના થોળ તળાવમાં છેલ્લા બે માસથી મોટી સંખ્યામાં ફ્લેમિંગો અને ગુલાબી પેણ જેવા વિદેશી પક્ષીઓ આવી રહ્યાં છે. નવેમ્બરથી માર્ચના અંત સુધી આ વિદેશી પક્ષીઓ અહી રોકાણ કરે છે જે પર્યટકો તેમજ પક્ષીવિદો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે.

## WEATHER

અમદાવાદમાં આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો. પરંતુ પવનની ગતિ વધુ અનુભવાતા અમદાવાદ જિલ્લા અને આસપાસના વિસ્તારમાં ઠંડીનું પ્રમાણ વધુ રહ્યું છે અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે જેની ગતિ 15 થી 20 કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી. જે વધીને 25 કિલોમિટર પ્રતિ કલાક સુધી પણ પહોંચી હતી. આજે વહેલી સવારથી જ ઠંડા પવનનું ફૂંકાતા અમદાવાદ શહેરમાં તડકાની સાથે શહેરીજનોને ઠંડી લાગી રહી છે.

## BAAL VAIGNANIK PRADARSHAN-BANASKANTHA

બનાસકાંઠા જિલ્લાના વખા ખાતે 55માં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનો વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે શુભારંભ કરાયો.

આ પ્રસંગે શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે, દેશના વિકાસ અને નવીન ટેકનોલોજી માટે દેશના વૈજ્ઞાનિકોનો ફાળો મહત્વનો રહ્યો છે. આપણા વૈજ્ઞાનિકોએ વિવિધ શોધો થકી વિશ્વભરમાં ભારતનું નામ રોશન કર્યું છે. તેમણે ઉપસ્થીત વાલીઓને તથા વિદ્યાર્થીઓને રુચિ અનુસાર વિજ્ઞાનના વિષયોમાં કારકિર્દી ઘડવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.